# જાહેરાત

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત કચ્છ જિલ્લા માં નીચે જણાવેલ સ્ટાફની જગ્યાઓ તદન હંગામી ધોરણે ૧૧ માસ ના કરાર આધારે ભરવા તથા તેમજ ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ માટે તેની પ્રતિક્ષાયાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવે છે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૨૫/૦૧/૨૦૨૪ (૧૨:૦૦ કલાકથી) થી તા.૦૩/૦૨/૨૦૨૪ (રાત્રીના ૧૧:૫૯) સુધી આરોગ્યસાથી સોફટવેરની લિંક https://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. દર્શાવેલ પોસ્ટ માટેની જરૂરી લાયકાત,ઉમર અંગેની સ્પષ્ટતા, ઉચ્ચ માસિક વેતન તથા અનુભવ અંગે ની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે. ઉમેદવાર માટે વય મર્યાદા ન્યુનતમ ૨૧ વર્ષ થી મહતમ ૪૦ વર્ષની રહેશે.

| ક્રમ | જગ્યા નું નામ | જગ્યા ની સંખ્યા | શૈક્ષણિક લાયકાત | માસિક વેતન |
|---|---|---|---|---|
| ૦૧ | એકાઉન્ટન્ટ કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧૧ | ૧. ગ્રેજ્યુએટ(કોમર્સ)<br>૨. ડીપ્લોમાં/સર્ટીફીકેટ ઇન કોમ્પ્યુટર એપ્લીકેશન, ટેલી એકાઉન્ટીગ, કોમ્પ્યુટરની જાણકારી (ગુજરાતી/અંગ્રેજી) તથા ઓછા માં ઓછુ ૧ વર્ષનું એકાઉન્ટીગ કામનો અનુભવ. | ૧૩,૦૦૦/- |
| ૦૨ | સ્ટાફ નર્સ | ૧૬ | ભારતીય નર્સિંગ કાઉન્સીલ થી માન્યતા પ્રાપ્ત સંસ્થા દ્વારા B.sc. Nursing ,ગુજરાત કાઉન્સીલ રજીસ્ટ્રેશન હોવું જરૂરી અને બેઝિક કોમ્પ્યુટર કોર્ષ સર્ટિફિકેટ<br>અથવા<br>ભારતીય નર્સિંગ કાઉન્સીલ થી માન્યતા પ્રાપ્ત સંસ્થા દ્વારા જનરલ નર્સિંગ અને મીડવાઈફરી કોર્ષ માં ડિપ્લોમા , ગુજરાત કાઉન્સીલ રજીસ્ટ્રેશન હોવું જરૂરી અને બેઝિક કોમ્પ્યુટર કોર્ષ સર્ટિફિકેટ કોમ્પ્યુટર કોર્ષ સર્ટિફિકેટ | ૧૩,૦૦૦/- |
| ૦૩ | એન.એચ.એમ આયુષ તબીબ/આર.બી.એસ.કે આયુષ તબીબ | ૭ | ૧.BAMS/BHMS ની છેલ્લા વર્ષની માર્કશીટ તથા અટેમ્પ્ટ/ટ્રાયલ સર્ટીફીકેટ<br>૨.યુનિવર્સીટીની ડિગ્રી સર્ટીફીકેટ<br>૩.સ્કુલ લીવિંગ સર્ટીફીકેટ<br>૪.ગુજરાત હિમિયોપેથીક/આયુર્વેદિક કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન અંગેનું પ્રમાણપત્ર<br>૫.ઈન્ટરનશીપ કમ્પ્લીટ કરેલ સર્ટીફીકેટ | ૨૫,૦૦૦/- |
| ૦૪ | એફ.એચ.ડબ્લ્યુ | ૫ | માન્યતા પ્રાપ્ત સંસ્થા થી ANM કોર્સ પાસ કરેલ હોવા જોઈએ, ગુજરાત કાઉન્સીલ રજીસ્ટ્રેશન અને બેઝિક કોમ્પ્યુટર કોર્ષ સર્ટીફીકેટ | ૧૨,૫૦૦/- |
| ૦૫ | ન્યુટ્રીશન આસિસ્ટન્ટ (તાલુકા કક્ષાએ) | ૧ | ૧.સરકાર માન્ય યુનિ.માંથી એમ.એસ.સી. ફૂડ & ન્યુટ્રીશન/બી.એસ.સી ફૂડ અને ન્યુટ્રીશન/એમ.એ.ઈન હોમ સાયન્સ(ન્યુટ્રીશન)/બી.એ ઈન હોમ સાયન્સ(ન્યુટ્રીશન) (ફક્ત સ્ત્રી ઉમેદવાર) અને કોમ્પ્યુટર જ્ઞાન હોવું જોઈએ. | ૧૩,૦૦૦/- |
| ૦૬ | પ્રોગ્રામ અસીસ્ટન્ટ- (તાલુકા કક્ષાએ ) | ૧ | ૧. ગ્રેજ્યુએટ<br>૨. ડીપ્લોમાં/સર્ટીફીકેટ ઇન કોમ્પ્યુટર એપ્લીકેશન<br>૩. ૨ થી ૩ વર્ષનો અનુભવ તેમજ વર્કિંગ નોલેજ ઇન ઇંગ્લીશ ધરાવતા ઉમેદવારોને પ્રથમ અગ્રતા. (અંગ્રેજી અને ગુજરાતી ટાઈપીંગનું જ્ઞાન, એમ.એસ.ઓફીસ જ્ઞાન) | ૧૩,૦૦૦/- |

ઓનલાઇન ફોર્મ ભરવા અંગેની અગત્યની સુચનાઓ:

>ઉમેદવારની ફકત ઓનલાઇન https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજી જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી., સ્પીડ પોસ્ટ, કુરીયર કે સાદી ટપાલ દ્વારા મળેલ અરજીઓ માન્ય રહેશે નહિ.

>સુવાચ્ય ઓરીઝનલ ડોક્યુમેન્ટ ની ફોટોકોપી સોફટવેર માં ફરજીયાત અપલોડ કરવાની રહેશે.

>અધુરી વિગતોવાળી અરજીઓ અમાન્ય રહેશે., ઉમેદવાર એક કરતાં વધુ અરજી કરી શકશે નહી

>ઉમેદવારોએ કોમ્પ્યુટરની પ્રેક્ટિકલ પરિક્ષા આપવાની રહેશે.

>વયમર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ના રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે એટલે કે

>તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ- ની સ્થિતીને ધ્યાનમાં લેવામાં આવશે.

>ભવિષ્યમાં ઉપરોક્ત જગ્યા માંથી અથવા અન્ય કોઈ જગ્યા ખાલી પડે ત્યારે પ્રતીક્ષાયાદીના ઉમેદવારને અગ્રતા આપવામાં આવશે.

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી
જીલ્લા પંચાયત કચ્છ–ભુજ